# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 14-08-2024** **Evening : 7.50 to 8.00**
**Day : Wednesday** **National News**

## આકાશવાણી સમાચાર **સંસ્કૃતિ ભૂંડિયા** વાંચે છે.

***************************************************

- ✓ રાષ્ટ્રજોગ સંબોધન કરતાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ ભારત સૌથી ઝડપથી વિકસતી મોટી અર્થવ્યવસ્થાઓમાં સામેલ થવા બદલ ગર્વ વ્યક્ત કર્યો.
- ✓ આવતીકાલે 78માં સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી લાલ કિલ્લા ખાતે તિરંગો લહેરાવી રાષ્ટ્રને સંબોધન કરશે.
- ✓ સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે સશસ્ત્ર દળોને સંબોધન કરતાં સંરક્ષણ મંત્રી રાજનાથસિંહે સૈન્યમાં યુવાનોના મહત્વ પર ભાર મૂકયો..
- ✓ કોલકાતાની મેડિકલ કોલેજમાં મહિલા તબીબ સાથે દુષ્કર્મ અને હત્યા મામલે પશ્ચિમ બંગાળ અને દેશના વિવિધ ભાગોમાં વિરોધ પ્રદર્શનો..
- ✓ જમ્મૂ- કાશ્મીરના ડોડા જિલ્લામાં આતંકવાદીઓ સાથેના ઘર્ષણમાં એક જવાન શહીદ- ચાર આતંકવાદીઓ ઠાર.
- ✓ ICMR અને પેનેસિયા બાયોટેકે સાથે મળીને પ્રથમ સ્વદેશી ડેન્ગ્યૂ વેક્સિનનું ત્રીજું ક્લિનિકલ ટ્રાયલ શરૂ કર્યું.

***************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## PREZ-SPEECH

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ કહ્યું કે, ભારત વિવિધતા અને બહુલતા સાથે એક સુમેળભર્યા રાષ્ટ્ર તરીકે આગળ વધી રહ્યું છે, આવા સમયે સમાજને વિભાજીત કરતા વલણોને નકારવા જોઈએ. સ્વાતંત્ર્ય પર્વની પૂર્વ સંધ્યાએ રાષ્ટ્રને સંબોધન કરતા રાષ્ટ્રપતિએ કહ્યું કે દેશના સમાજિક જીવનના દરેક પાસાઓમાં સમાવેશી ભાવના વ્યાપેલી છે.

આ પ્રસંગે તેમણે બંધારણના ઘડવૈયા ડૉ. બી. આર. આંબેડકરને ટાંકીને કહ્યું કે, જ્યા સુધી સામાજિક લોકતંત્ર તેના પાયા પર ન હોય ત્યાં સુધી રાજકીય લોકશાહી ટકી શકે નહીં. શ્રી મુર્મુએ જણાવ્યું કે ભારત વાર્ષિક 8 ટકાના વિકાસ દર સાથે સૌથી ઝડપથી વિકસતી મોટી અર્થવ્યવસ્થાઓમાં સ્થાન પામે છે.

### (બાઇટ- રાષ્ટ્રપતિ)

શ્રી મુર્મુએ આ પ્રસંગે નોંધ્યું કે, આ ઝડપી પરંતુ સમાન પ્રગતિએ ભારતને વૈશ્વિક બાબતોમાં ઉંચુ સ્થાન આપાવ્યું છે. તેમણે ભારપૂર્વક કહ્યું કે જી20ની સફળતાપૂર્વકની અધ્યક્ષતા પૂર્ણ થયા બાદ ભારતે ગ્લોબલ સાઉથ એટલે દક્ષિણના અવાજ તરીકેની ભૂમિકા મજબૂત કરી છે.

## PM LIVE ON AKASHVANI

15 ઑગસ્ટ સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, નવી દિલ્હીના લાલ કિલ્લા ખાતેથી તિરંગો લહેરાવશે અને રાષ્ટ્રજોગ સંબોધન કરશે.. આ કાર્યક્રમનું આકાશવાણીના વિવિધ કેન્દ્રો અને ઓનલાઇન ચેનલો પર સીધું પ્રસારણ કરાશે.

વિવિધ ભારતી રાષ્ટ્રીય પ્રસારણ સેવા, વિવિધ ભારતી સ્ટેશન, સ્થાનિક રેડિયો સ્ટેશન, સામુદાયિક રેડિયો સ્ટેશન, એફએમ રેઇન્બો, એફએમ ગોલ્ડ અને અન્ય FM ચેનલ સહિત આકાશવાણીના તમામ કેન્દ્રો પરથી તેનું પ્રસારણ થશે. આકાશવાણી અમદાવાદની અમારી યુટ્યૂબ ચેનલ Air News Gujarat ઉપરથી પણ તેનું પ્રસારણ કરાશે. આકાશવાણીના પ્રાદેશિક કેન્દ્રો પર પ્રધાનમંત્રીના સંબોધનનું પ્રાદેશિક ભાષામાં પ્રસારણ, રાત્રે સાડા નવ વાગ્યે સાંભળી શકાશે.

## RAJNATH- ARMED FORCES

સંરક્ષણ મંત્રી રાજનાથસિંહે કહ્યું છે કે, કેન્દ્ર સરકારે સંરક્ષણ ક્ષેત્રને આત્મનિર્ભર બનાવવા માટે અનેક સુધારા કર્યા છે. સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે આકાશવાણી કેન્દ્રો પરથી સુરક્ષા દળોને કરેલા સંબોધનમાં શ્રી સિંહે કહ્યું કે, છેલ્લા દસ વર્ષોમાં છ લાખ કરોડ રૂપિયાના સંરક્ષણ ઉપકરણો સ્વદેશી કંપનીઓ પાસેથી ખરીદવામાં આવ્યા છે. આ સમયમાં દેશનું સંરક્ષણ ઉત્પાદન બમણુ થઈને 1 લાખ, 25 હજાર કરોડ રૂપિયાને પાર પહોંચ્યું છે.

સશસ્ત્ર દળોમાં યુવાનોના મહત્વ પર ભાર મૂકતા સંરક્ષણ મંત્રીએ જણાવ્યું કે અગ્નિપથ યોજના દેશની તાકાત વધારશે. આ

યોજનાને દેશભરમાંથી સમર્થન મળી રહ્યું છે અને યુવાનો ઉત્સાહભેર તેમાં જોડાઈ રહ્યા છે. વધુમાં તેમણે ઉમેર્યું કે અગ્નિપથ યોજનામાં પ્રથમ બે બેચમાં 40 હજાર અગ્નિવીરોએ તાલીમ પૂર્ણ કરી છે.

## REV. SHAH - HAR GHAR TIRANGA

ગૃહમંત્રી અમિત શાહે આજે હર ઘર તિરંગા અભિયાનના ભાગરૂપે દિલ્હી સ્થિત તેમના નિવાસસ્થાને ત્રિરંગો ફરકાવ્યો હતો. સોશિયલ મીડિયાના માધ્યમથી શ્રી શાહે જણાવ્યું હતું કે, તેમના નિવાસસ્થાને તિરંગો લહેરાવીને તેમણે એવા નાયકોને યાદ કર્યા જેમણે દેશની આઝાદી માટે બલિદાન આપ્યું હતું.

## DOCTOR PROTEST

પશ્ચિમ બંગાળમાં તમામ મેડિકલ કૉલેજ અને હૉસ્પિટલોમાં તબીબોની હડતાળને પગલે આરોગ્ય સેવા ખોરવાતા દર્દીઓને હાલાકીનો સામનો કરવો પડ્યો છે.

કોલકાતા સહિત અન્ય રાજ્યોમાં રાજકીય પક્ષો, વિદ્યાર્થી સંગઠનો, સ્વયંસેવી સંસ્થાઓના કાર્યકર્તાઓ રસ્તા પર ઉતર્યા છે. ઉલ્લેખનીય છે કે કોલકાતાની આર. જી. કર મેડિકલ કૉલેજના એક મહિલા તબીબ સાથે દુષ્કર્મ અને હત્યાના વિરોધમાં આજે અડધી રાત્રે રાજ્યના વિવિધ સ્થળોએ વિરોધ પ્રદર્શનો આયોજીત કરાયા છે.

આ તરફ વડી અદાલતના આદેશ બાદ સીબીઆઈની એક ટીમ કોલકાતા પહોંચી છે, અને આ મામલે પોલીસે ધરપકડ કરેલા સંજય રોયની ધરપકડ કરી છે.

દરમિયાન મહિલા તબીનો પોસ્ટ મોર્ટમ રિપોર્ટ વાઇરલ બનતા તબીબ વિદ્યાર્થીઓમાં રોષ વધી રહ્યો છે, અને તેઓ આ મામલે રાષ્ટ્રપતિ અને પ્રધાનમંત્રી સમક્ષ તટસ્થ તપાસની માગણી કરી રહ્યા છે.

## JAMMU KASHMIR ENCOUNTER

જમ્મૂ કાશ્મીરના ડોડા જિલ્લામાં આજે આતંકવાદીઓ સાથેની અથડામણમાં એક જવાન શહીદ થયા હતા, જ્યારે ચાર આતંકવાદીઓ ઠાર મરાયા છે. અમારા આકાશવાણી સંવાદદાતાએ જણાવ્યું કે, આ અથડામણમાં એક નાગરિકને પણ ઇજા થવા પામી હતી.

સુરક્ષા દળોને ડોડા જિલ્લામાં શિવગઢ-અસ્સાર વિસ્તારમાં કેટલાક આતંકવાદીઓના છૂપાયેલા હોવાની માહિતી મળી હતી. જે બાદ સમગ્ર વિસ્તારમાં તપાસ અભિયાન હાથ ધરાયું હતું. આ દરમિયાન ત્યાં છૂપાયેલા આતંકવાદીઓ અને સુરક્ષાદળો વચ્ચે અથડામણ થઈ હતી. બંને તરફથી ફાયરિંગ કરાયું હતું, જેમાં સેના કેપ્ટન દિપકસિંહને ગંભીર ઈજા થવા પામી હતી, જેમને સૈન્ય હૉસ્પિટલમાં દાખલ કરાતા સરવાર દરમિયાન મોત થયુ હતું.

વધુ કેટલાક આતંકવાદી છુપાયેલા હોવાની આશંકાને આધારે તપાસ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે.

## ICMR DENGUE VACCINE

ભારતીય તબીબી સંસોશન સંસ્થાન- ICMR અને પેનેસિયા બાયોટેક એ  સાથે મળીને દેશની પ્રથમ ડેન્ગ્યૂ વેક્સિનનું ત્રીજું ક્લિનિકલ ટ્રાયલ શરૂ કર્યું છે. આ ઐતિહાસિક પરીક્ષણમાં પેનેસિયા બાયોટેક દ્વારા વિકસીત પ્રથમ સ્વદેશી ટેટ્રાવૈલેંટ ડેંગ્યૂ વેક્સિન- ડેંગીઑલની અસરકારકતાનું મૂલ્યાંકન કરાશે.

આ પરીક્ષણમાં ભાગ લેનારા પ્રથમ વ્યક્તિ પંડિત ભગવત દયાળ શર્માએ રોહતકની પોસ્ટ ગ્રેજ્યૂએટ ઇન્સ્ટિટ્યૂટ ઑફ મેડિકલ સાયન્સ ખાતે રસી લીધી હતી.

આ ઉપલબ્ધિ પ્રસંગે કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણમંત્રી જે. પી. નડ્ડાએ જણાવ્યું કે, પ્રથમ સ્વદેશી ડેન્ગ્યૂ વેક્સિન માટે આ ત્રીજા તબક્કાના નૈદાનિક પરીક્ષણની શરૂઆત, ડેન્ગ્યૂ વિરુદ્ધની અપાણી લડાઈમાં મહત્વની પ્રગતિનું પ્રતિક છે.

વધુમાં તેમણે જણાવ્યું કે, તે નાગરિકોને આ મોટી બીમારીથી બચાવવા માટે આપણી પ્રતિબદ્ધતા તેમજ રસી સંશોધન અને વિકાસ ક્ષેત્રે ભારતની ક્ષમતાઓને દર્શાવે છે.

## PANCHAYAT WORKSHOP

પંચાયતમાં મહિલાઓના નેતૃત્વ અને પડકારો સંદર્ભેની એક રાષ્ટ્રીય કાર્યશાળાનું નવી દિલ્હીમાં આયોજન કરાયું હતું. આ કાર્યશાળામાં દેશભરમાંથી 160થી વધુ પંચાયત પ્રતનિધિઓ ભાગ લીધો હતો.

પુડુચેરીના પૂર્વ ઉપરાજ્યપાલ કિરણ બેદીએ આ કાર્યશાળાને સંબોધન કર્યું હતું. તેમણે જમીની સ્તરે પંચાયતના વિવિધ મુદ્દાઓનો ઉલ્લેખ કર્યો અને પ્રતિનિધિઓને પડકારોનો સામનો કરવા અંગે માર્ગદર્શન પણ આપ્યું હતું.

પંચાયતના વિવિધ પ્રિતિનિધિઓએ આકાશવાણી સમાચાર સાથેની વાતચીતમાં કાર્યશાળા દરમિયાનના અનુભવો વિશે વાત કરી હતી. અમારા સંવાદદાતા જણાવે છે કે પ્રતિનિધિઓનું આ જૂથ આવતીકાલે દિલ્હીમાં લાલ કિલ્લા ખાતે આયોજીત સ્વાતંત્ર્ય સમારોહમાં વિશેષ અતિથિ તરીકે ભાગ લેશે.

## GALLANTRY AND SERVICE MEDAL

સ્વતંત્રતા દિવસ નિમિત્તે પોલીસ, અગ્નિશમન દળ, હોમગાર્ડ અને નાગરિક સુરક્ષા અને સુધારણા કાર્યો સાથે જોડાયેલા 1 હજાર 37 જવાનોને શૌર્ય અને સેવા ચંદ્રકો આપવામાં આવ્યા છે. તેલંગાણા પોલીસના હેડ કોન્સ્ટેબલ ચડુવુ યાદૈયાને વીરતા માટેનો રાષ્ટ્રપતિ મેડલ એનાયત કરાયો હતો.

ગૃહ મંત્રાલયના જણાવ્યા પ્રમાણે વીરતા મેડલ માટે 213 જવાનોની પસંદગી કરવામાં આવી હતી. જ્યારે વિશિષ્ટ સેવા માટેના 94 રાષ્ટ્રપતિ મેડલમાંથી પોલીસને 75, 8 અગ્નિશમન દળને, નાગરિક સુરક્ષા અને હોમગાર્ડને 8 અને સુધારાના કાર્યો માટે 3 મેડલ એનાયત કરાયા.

રાષ્ટ્રપતિ મેડલ વિશિષ્ટ સેવા માટે આપવામાં આવે છે, જ્યારે ફરજ પ્રત્યેની નિષ્ઠા માટે મેરીટોરીયસ મેડલ આપવામાં આવે છે.

# INDEPENDENCE GUEST LIST

કેન્દ્ર સરકારે આવતીકાલે નવી દિલ્હીમાં આયોજીત સ્વાતંત્ર્ય પર્વ પ્રસંગે આયોજીત સમારોહમાં આમંત્રિત થવા માટે દેશભરમાંથી 6 હજાર જેટલા વિશેષ અતિથિઓને આમંત્રિત કર્યા છે. 24 જેટલી જુદી જુદી શ્રેણીઓમાં આ અતિથિઓને આમંત્રિત કરાયા છે, જેઓ દેશના વિવિધ સમુદાયોમાંથી આવે છે.

આ યાદીમાં પ્રધાનમંત્રી કિસાન સમ્માન નિધિનો લાભ મેળવનારા કુલ 250 ખેડૂતોને અતિથિ તરીકે આમંત્રિત કરાયા છે. ઉપરાંત પ્રધાનમંત્રી પાક વિમા યોજનાનો લાભ મેળવનારા 250, ખેડૂત ઉત્પાદન સંઘના 250 પ્રતિનિધિઓ સામેલ છે.

આ ઉપરાંત ગ્રામીણ અને વંચિત વિસ્તારોમાંથી માળાખાકીય સેવાઓ પ્રદાન કરવામાં સહયાક 150 માન્યતા પ્રાપ્ત આશા વર્કર અને એએનએમ કાર્યકર્તાઓને પણ આમંત્રિત કરાયા છે.

દેશની વિવિધ પંચાયતોમાંથી ત્રણસો જેટલા મહિલા પ્રતિનિધિઓ, 150 લખપતિ દીદી, અને એકસો પચ્યાસ ડ્રોન દીદીઓને પણ આ સમારોહમાં અતિથિ રૂપે આમંત્રિત કરાયા છે.

સમારોહમાં એકલવ્ય મૉડેલ આવાસીય યોજના અંતર્ગતના દોઢસો વિદ્યાર્થીઓ, 100 કલાકારો, અને વન ધન વિકાસ કેન્દ્રના સભ્યો, આંગણવાડી, સખી કેન્દ્રો, મહિલા સશક્તિકરણ માટે કાર્યરત સંકલ્પ હબ અને બાલ કલ્યાણ સમિતિની ત્રણસો મહિલા કાર્યકર્તાઓ, મારી માટી મારો દેશ અંતર્ગત NSS ના 400 જેટલા સ્વયંસેવકો તેમજ મેરા ભારત

મહાનના 200 લાભાર્થીઓ ભાગ લેશે. વિશેષ અતિથિ તરીકે પેરિસ ઑલિમ્પિક 2024ના અંદજે દોઢસો જેટલા ખેલાડીઓને આમંત્રિત કરાયા છે.

આ ઉપરાંત આકાંક્ષી બ્લૉક કાર્યક્રમ અંતર્ગત પ્રત્યેક બ્લૉકનું પ્રતિનિધિત્વ કરનારા એક હજાર સભ્યો, નવું સંશોધન કરનારા 200 જેટલા સંશોધકો, અટલ નવાચાર મિશનના વિદ્યાર્થીઓ તેમજ પીએમશ્રી યોજનાના 200 જેટલા વિદ્યાર્થીઓને આમંત્રિત કરાયા છે.